# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૮ • અંક ૧૧ • સળંગ અંક ૯૪ • મુંબઈ • સપ્ટેમ્બર ૨૦૧૪ • પાના ૧૨ • છૂટક નકલ રૂા. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

**સ્નેહી સ્વજનો,**

**જય જિનેન્દ્ર!!**

*જીવ જન્મે જગતમાં જિંદગીને જીવવા,*
*સાદગીના સૂર સ્વરને સાથે આલાપવા;*
*અખૂટ ઐશ્વર્ય આપ્યું આભલાને આંબવા,*
*આભાર ઈશ, તે આપી જિંદગી આરાધવા!*

**અપેક્ષા - ઉપેક્ષા :**

પ્રખર, પ્રભાવશાળી અને પ્રતિષ્ઠિત સાહિત્યકાર બાર્ટલે સમાજના બદલાતા રૂખની તાસીર, તસવીર અને તવારીખનેલક્ષમાં રાખી કહ્યું છે કે અનુકૂળ સંજોગોમાં જીવતો માણસ સુખી છે પણ સંજોગોને અનુકૂળ બનાવી જીવતો માણસ વધુ સુખી છે.

પરિણામલક્ષી સમાજ બનાવવા યુવાશકિતનો વિવેકપૂર્ણ ઉપયોગ આવશ્યક છે. મુંઝવણ ભર્યું જીવન અને ગુંચવાયેલી પરિસ્થિતિ વચ્ચે જીવવાની દાર્શનિકતાના સાચા સ્વભાવને પરિવર્તન કહીશું. આપણે સુપેરે જાણીએ છીએ કે અપેક્ષા હોય ત્યાં ઉપેક્ષા સંભવી ન શકે. કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવાની ક્ષમતા અને સમતા આપણાંમાં છે માટે જ આર્યભૂમિને બહુરત્ના વસુંધરા કહી છે.

**ઐશ્વર્ય અને સંસ્કારિતા :**

શ્રધ્ધા એ તર્કનું સાતત્ય છે. સ્વ અને સમાજના ઉત્કર્ષાર્થે અનાયાસે આપણને પ્રાપ્ત થયેલ ભવ્યાતીભવ્ય વારસાનું જતન સંરક્ષણ, સંવર્ધન, સંક્રમણ અને વહન કરવાની દ્દષ્ટિ કેળવી સહિષ્ણુતા, સંસ્કારિતાના સંનિષ્ઠ સમન્વયની હયાતીની તાતી જરૂર છે.

વિદ્યાપુરૂષ ડૉ. **સુરેશ દલાલ** કહે છે,

*કોઈ પુછો નહીં સુખ છે કે દુ:ખ,*
*મારૂં મૌન મારા શબ્દોની કૂખ છે!*

જાગૃત અને સિંચન પ્રહરી બની અભાવ અને ઐશ્વર્યને જોડી ઉજળી માનવતા, સૌંદર્ય, શરીર સૌષ્ઠવ તથા સંસ્કારિતા સાથે સખત મહેનત કરી સર્વાંગ સફળતા અને સમન્વય માટે આગેકદમ માંડીએ. અભાવ અને ઐશ્વર્યના બે કિનારાઓને જોડતી ઉજળી માનવતાના અનુભવે સચ્ચાઈ અને પ્રમાણિકતામાં માનનારની શ્રધ્ધાને મજબુત બનાવે છે. બાકી પાણીમાં કાંકરી નાંખીએ તો આંદોલનો અને વર્તુળો સર્જાવાના જ. સ્વીકાર કે અસ્વીકારના ભાવ વગર નિ:સંદેહ પરિવર્તનશીલ શૃંખલાની તાતી આવશ્યકતા છે.

**દાનગંગાનો પ્રવાહ :**

**શ્રી પાટણ જૈન મંડળના રીવોલ્વીંગ ફંડ (To Provide interest free Educational Loan) અંતર્ગત બાબુ નરેન્દ્રભાઈ પનાલાલ, બાબુ હર્ષભાઈ પનાલાલ તથા અન્ય ટ્રસ્ટી મહાનુભાવો દ્વારા શ્રી પાટણ જૈન મંડળને** રૂા.૭,૦૦,૦૦૦/- આ વર્ષે પ્રાપ્ત થતાં સંસ્થાના રીવોલ્વીંગ ફંડમાં અત્યાર સુધી તેમના તરફથી કુલ્લે રૂા.૨૦,૦૦,૦૦૦/- ની ભેટ મળેલ છે.

**બાબુ પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ** તથા આજ પરિવાર સંલગ્નિત અન્ય સખાવતી ફંડો **બાબુસાહેબ નાનકચંદજી પૂરણચંદજી ટ્રસ્ટ** (ખજુરીનો પાડો) **બાબુ જીવણલાલ પનાલાલ ટ્રસ્ટ** (ખજુરીનો પાડો) દ્વારા સંસ્થાના ઉકત રીવોલ્વીંગ ફંડ તથા સમાજ વિકાસ ફંડ અંતર્ગત છેલ્લા છ વર્ષમાં કુલ્લે રૂા.૬૪,૦૦,૦૦૦/- સંસ્થાને પ્રાપ્ત થયેલ છે.

ઉકત ટ્રસ્ટોના ટ્રસ્ટી મહોદયોના હકારાત્મક અભિગમ અને માતૃસંસ્થા પ્રત્યેની લાગણી તથા પ્રેમ સતત ઉભરાઈ રહ્યો છે. સમાજના અન્ય સખાવતીઓ તેમજ સભ્યોને ટ્રસ્ટીઓની આવી ઉત્કૃષ્ટ ભાવનાથકી દાનગંગાની પ્રેરણા પ્રાપ્ત થશે તેમ કહીએ તો તે અસ્થાને નહીં ગણાય.

હકીકતમાં આવા ટ્રસ્ટી મહાનુભાવોની દીર્ઘદ્દષ્ટિ થકી જ સંસ્થા તેની વિવિધ પ્રવૃત્તિઓને પરિપૂર્ણ કરવાના પ્રયત્નોમાં સફળ રહી છે. આ સફળતાનું શ્રેય સઘળા દાતા પરિવારોને ફાળે જાય છે. આ પાટણ જૈન મંડળ આ સઘળા મહાનુભાવોને ભૂરિભૂરિ વંદના કરી આભાર વ્યકત કરે છે.

**ઉત્કૃષ્ટ આવકાર્ય અભિયાન :**

પરમ પૂજય યુગપ્રધાન આચાર્યસમ **પંન્યાસપ્રવરશ્રી ચંદ્રશેખર વિ.મ.સાહેબ**ના શિષ્યરત્ન આપણા પાટણના જ પનોતા પુત્ર પૂજયપાદ પં.પ્રવર **શ્રી મેઘદર્શન વિજયજી મ.સાહેબ**ની નિશ્રામાં **શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ**ના નેજા હેઠળ **શ્રી પાટણ જિનાલય પ્રભુભકિત અભિયાન**

**સમિતિ**ની રચના કરવામાં આવી છે.

માતૃભૂમિ પાટણ પ્રત્યેની આપણી લાગણી અને વ્યથાને વાચા આપી એકમેકની નિકટ લાવી પરસ્પર પ્રેમભાવથી સાધર્મિક બંધુઓના ઉત્કર્ષ માટે તથા પાટણના સર્વે જિનાલયોનું શુધ્ધિકરણ એક સાથે એક જ દિવસે કરવાના આયોજનાર્થે વિચાર વિમર્શ કરવામાં આવ્યો.

**પૂજય પંન્યાસપ્રવર શ્રી મેઘદર્શન વિજયજી મ.સાહેબ**ની પ્રેરણાથી સૌ સાથે મળી સર્વે જિનાલયોનું શુધ્ધિકરણ **મહા સુદ ૬ ને રવિવાર, તા.૨૫-૦૧-૨૦૧૫** ના સપરમે દિવસે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. પાટણની અને પટણીઓની ગરિમાને ઉજજવળ કરવાના આ અનન્ય કાર્યમાં ખાસ કરી ૩૫ થી ૬૦ વર્ષની વયના પુરૂષોને તન-મન તથા ધનથી જોડાવા વ્યકિતગત તથા સંસ્થા વતી હું નમ્ર વિનંતી કરૂં છું. યોગાનુયોગ આ જ દિવસે પાટણના ભવ્ય **શ્રી શામળાજી પાર્શ્વનાથ પ્રભુ જિનાલય**ની સાલગિરિ પણ આવતી હોવાથી આપણને સૌને અપૂર્વ લાભ પ્રાપ્ત થશે.

**પ્રેરણા અને વિવેકબુધ્ધિ :**

માનવી બીજાના અભિપ્રાય પર કયારેય જીવતો નથી અને સાથે સાથે માત્ર પોતાના અભિપ્રાય પર પણ જીવી શકતો નથી. અહમ અને ઘમંડ માનવીની નમ્રતાને ખૂંચવી લે છે. એકની એક વાત કરતા રહેવાથી ખોટું સાચુ થઈ જાય અને સત્ય ભ્રમણા થઈ જાય. આ બધામાંથી નિર્ભાંત થઈએ તેને જ્ઞાન કહેવાય. તત્પરતા ક્યારેક અથાગ પણ હોય અને કયારેક મુંગો એકરાર પણ! પ્રેરણા અને વિવેકબુધ્ધિ જ આમાં મહત્વનો ભાગ ભજવે છે, તેથી નવા વિકલ્પો અને વિચારો કરવા આપણે પ્રેરાઈએ. દિશાશૂન્ય બનવું એ મનોહત્યાની નિશાની છે. વિચારવા જેવું નથી? આભાર...!

**પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

## શ્રી પાટણ જૈન મંડળ

### વાર્ષિક પારિતોષિક વિતરણ સમારોહ

એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ, ડિગ્રી ડિપ્લોમા કોર્સ તેમ જ અનેક શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે તેમને મંડળ તરફથી પારિતોષિક તથા મેરિટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે. તેમ જ વર્ષ દરમ્યાન 'પાટણ પ્રતિબિંબ'માં પ્રકાશિત થયેલી કૃતિઓમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓના લેખક ભાઈ-બહેનોનું **શ્રી નેમચંદ જેશીંગલાલ શાહ (ગુંદરવાલા) સાહિત્ય પારિતોષિક** એનાયત કરી અભિવાદન કરવા માટેના સમારંભનું આયોજન નીચે મુજબ કરાયેલ છે.

**દિનાંક :રવિવાર, તા. ૦૯-૧૧-૨૦૧૪**
**સમય : સવારે ૯-૪૫ કલાકે.**
**સ્થળ : શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ**
**૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૨૦**

આ સમારંભમાં ઘણા વિદ્યાર્થીઓએ ઈનામ મેળવવા અંગેનું ફોર્મ ભરેલ છે, છતાં કોઈક વિદ્યાર્થીનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તો, તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે ફોર્મ ભરીને **તા. ૦૫-૧૦-૨૦૧૪ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવું.**

**❑ શ્રી પાટણ જૈન મંડળ**

## સાભાર-સ્વીકાર

**રિવોલ્વિંગ ઍજ્યુકેશન ફંડ**
૭૦૦૦૦૦ બાબુ પનાલાલ પૂનમચંદ ચેરિટેબલ ફંડ (ખજૂરીનો પાડો)

**સિધ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**
૨૫૦૦૦ શ્રી ખોતાચી વાડી જૈન સંઘ (ખેતવાડી)

**શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ ભેટ**
૫૦૦૧ શ્રી કેતનભાઈ હસમુખલાલ શાહ (શાંતિનાથની પોળ)

ચિ. વિરલ કેતનભાઈ શાહ CA પાસ થયાની ખુશાલીમાં

**દવા સહાય ભેટ**
૫૦૦૦ શ્રી મહેન્દ્રભાઈ હીરાલાલ શાહ (ખેતરવસી)
પુત્ર ચિ. કેતનભાઈ મહેન્દ્રભાઈ શાહ તથા
પુત્રવધૂ મનીષાબેન કેતનભાઈ શાહની
સજોડે માસક્ષમણની તપશ્ચર્યા નિમિત્તે
૫૦૦૦ શ્રી રમાકાંત હીરાલાલ શાહના સ્મરણાર્થે (કનાસાનો પાડો)

## સિધ્ધહેમ જ્ઞાનપીઠ - પાટણ

**સાધુ-સાધ્વીજી ભગવંતો અને મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાન માટે આર્થિક સહયોગ આપનાર મહાનુભાવો**

- શ્રી રમણલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કું.) રિલીજીયસ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- મે. કે. સેવંતીલાલ એન્ડ કું. (ચિતારાની ખડકી)
- મે. મિલન જ્વેલર્સ (ઝવેરી વાડો)
- શ્રી ચિરાગભાઈ દિનેશભાઈ શાંતિલાલ શાહ (બ્રાહ્મણ વાડો)
- શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ (ડંક મહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (બ્રાહ્મણ વાડો)
- શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
- શ્રી વિમલનાથ જૈન આરાધક સંઘ (વાલકેશ્વર)
- શ્રી જવાહર નગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (ગોરેગામ)
- શ્રી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ (સાંતાક્રુઝ)
- શ્રી શિરીષભાઈ રસિકલાલ શાહ પરિવાર (ઝવેરીવાડો) કલકત્તા
- સ્વ. શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ (લાદીવાળા) (કનાસાનો પાડો)
- સમ્યગ્ સાધના ઉપાશ્રયની શ્રાવિકા બહેનો તરફથી (ઢંઢેરવાડો)
- શ્રી ગુરુકૃપા માતૃમંદિર જૈન (તારદેવ)
- શ્રીમતી દમયંતીબેન મંગળભાઈ શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ (ડંક મહેતાનો પાડો)
- શ્રી પ્રમોદભાઈ મણિલાલ શાહ (ખેતરવસી)
- શ્રી ખોતાચી વાડી જૈન સંઘ (ખેતવાડી)

**વિવિધ સંઘના ટ્રસ્ટીઓને જ્ઞાન ખાતાના ફંડમાંથી સિધ્ધહેમ જ્ઞાનપીઠ માટે રકમ ફાળવવા વિનંતિ છે. ચેક 'પાટણ જૈન મંડળ'ના નામનો લખવો. વધુ વિગત માટે સંપર્ક ટેલિફોન નંબર: ૦૨૨- ૨૨૮૧૧૩૪૬.**

# તંત્રીસ્થાનેથી...✍

## ચૂંટણીના ગૂંજતા પડઘમ

ભારતના વિવિધ રાજયોમાં વિધાન સભાની ચૂંટણીની જાહેરાત થઈ ચૂકી છે. ચૂંટણીના શંખનાદના ઓથારે વિવિધ રાજકીય પક્ષો સફાળા જાગી ગયા છે. દરેક પાર્ટીઓ પોતાના કયા ઉમેદવારને કઈ કોન્સ્ટીટયુઅન્સીમાંથી ઉભા રાખવા તેની ગડમથલમાં પડી છે. યુતિવાળી પાર્ટીઓ પોતાની જોઈતી અને લાગતી વળગતી બેઠકો મેળવવા પ્રયત્નો આદરી રહી છે. જો વ્યકિતગત મનગમતી બેઠક પાર્ટી ન આપે તો એકલે હાથે પણ ચૂંટણી લડવાની તૈયારીના બણગા પણ ફૂંકાય છે. દરેક પાર્ટીઓ સીટોની વહેંચણી માટે અંદરોઅંદર વિચારવિમર્શ કરી રહી છે. સત્ય અને તથ્ય કે તેથી વેગળા નિવેદનોનો રીતસર મારો ચાલે છે. શકયતાઓની વિધિ-અવધિને કોઈ બંધ કે સંબંધ નથી હોતો. જોગ અને સંજોગો સાથેનો કયારેક કોઈ મેળ નથી બેસતો, કયારેક પ્રવકતાઓના નિવેદનો કે ટીકાટિપ્પણીઓનો કોઈ ન્યાય કે પર્યાય નથી રહેતો. પાર્ટી દ્વારા નિમણુંક ન થયેલા ઉમેદવારોનો બફાટ પણ ચિત્રવિચિત્ર પરિસ્થિતિ ઉપસ્થિત કરે છે.

યુતિવાળા સાથી પક્ષોની બેઠકો માટેની ખેંચતાણની કોઈ યોગ્યતા કે અયોગ્યતા નિશ્ચિત હોતી નથી અને કયારેક અભી બોલા અભી ફોક જેવી અસમંજસની વાટાઘાટ પણ થાય છે. વિવિધ પક્ષોના ઉમેદવારોનું યોગદાન કે વલણ તેમના અનુભવ અને લાયકાત પર અવલંબે છે. શકયતઃ બને ત્યાં સુધી પોતાની જૂની કોન્સ્ટીટયુન્સીને ઉમેદારો પસંદ કરે છે કારણ કે ત્યાં કરેલ કાર્યો અને મતદારો સાથેનો ઘરોબો પણ તેઓને અનન્ય બળ પુરૂ પાડે છે.

નિતિનિયમોનું ઉલ્લંઘન કે જાહેર જનહિતની અવગણના ન થાય તેનું દરેક પક્ષ ધ્યાન રાખે છે, જેથી પાછળથી પસ્તાવાનો વારો ન આવે અને કયારેક કોર્ટ સુધી પણ આંટાફેરા કરવા પડે. ભાષા અને વાણી બન્ને ઉપર લક્ષ રાખવું આવશ્યક બને છે. લઘુમતિ કે અલ્પસંખ્યક જાતિ-પ્રજાતિ પ્રત્યેની પરિસ્થિતિ સવિશેષ ધ્યાનાકર્ષક હોય છે. જે કાર્યો લાંબા સમય સુધી ન થયા હોય તેવા વ્યવહારિક કાર્યો પુરા કરવા જે તે પરિસરના લોકો ઉમેદવાર પર દબાણ કરે છે અને તે વખતે કાર્યો થઈ પણ જાય છે.

દેશના ૧૦ રાજયોમાં ફેલાયેલ ૩૨ વિધાનસભાઓ અને ૩ લોકસભાની ચૂંટણી હાલમાં જ તા.૧૩ મી સપ્ટેમ્બરના રોજ પરિપૂર્ણ થઈ ગઈ. ભારતીય જનતા પાર્ટીના જવલંત વિજય બાદ મોદી સરકારની રચના પછી ૧૦૦ દિવસમાં આ ત્રીજી પેટા ચૂંટણી છે. સરકારી તંત્ર દ્વારા ચૂંટણીને લગતી દરેક તૈયારી માટે ચૂંટણી કમીશ્નરની નિમણુંક કરવામાં આવે છે. ચૂંટણીની તારીખની જાહેરાતના એક માસ સુધી આચાર-સંહિતા લાગુ પડે છે ને મીનીસ્ટરો કે સચિવો કોઈ કાયદા વિષયક કે અને મોટા આર્થિક ખર્ચ વિષયક નિર્ણય લઈ શકતા નથી. મતદાનની માટે વિવિધ બુથોની તૈયારી તથા તેને માટે જરૂરિયાત મુજબ સ્ટાફ કે પોલીસ પ્રોટેકશનની કાયદેસર વ્યવસ્થા કરવામાં આવે છે અને જરૂરી ચકાસણી અને ચોકસાઈ કરવામાં આવે છે.

સમયના પ્રભાવ અને લોકોના સ્વભાવને જાણી-પીછાણી ઉમેદવારો કે તેમના કાર્યકરો મત મેળવવા અને લોકોના હૈયામાં સ્થાન મેળવવા સતત પ્રયત્નશીલ રહે છે. આપણાં દેશમાં એકબીજા ઉમેદવારની કે પક્ષની નાલેશી જાણે કે અજાણે થઈ જાય છે. કયારેક વ્યકિતગત સ્વાર્થ થકી પક્ષના આદેશોનું ઉલ્લંઘન પણ શકય બને છે. વિવિધ પક્ષો કે પાર્ટીઓ બેઠકોની વહેંચણી ધાર્યા અનુસાર ન થતાં તીખી પ્રતિક્રિયા પણ આપે છે અને રોષ ઠાલવે છે. દરેક પક્ષોને બહુમતીનો આશાવાદ હોય છે. બધાની જીત થાય એ તો શકય ન જ થઈ શકે. હારનો પણ સામનો કરવો પડે.

વિવિધ પક્ષો મતદાન પૂર્વે તેમના ચૂંટણી ઢંઢેરાને અંતિમરૂપ આપી પ્રસારિત કરે છે. પોસ્ટર યુધ્ધ ચૂંટણીમાં જીત મેળવશે તો તેઓનો પક્ષ જનહિતના કયા કયા કાર્યો કરશે તેની વિગત તેઓ આપે છે જેને આધારે મતદારો પોતાનો મત કયા પક્ષ કે ઉમેદવારને આપવો તેનો નિશ્ચય કરે છે. પક્ષનું નેતૃત્વ અનુભવશાળી વ્યકિતઓને આપવામાં આવે તો મતદારોનું માનસ સમજી માર્ગદર્શન થકી અભૂતપૂર્વ પરિણામ લાવવામાં સફળ થાય છે. પ્રચાર ઝુંબેશ લોકસંપર્ક અને સંવાદ ધાર્યું પરિણામ આપી શકે છે.

મીડિયા, સમાચાર ચેનલો વિવિધ માધ્યમો સમક્ષ અનેક પ્રશ્નોની છણાવટ, સમસ્યા કે તેની સ્પષ્ટતા કે અભિપ્રાય પણ ઉમેદવારો આપે છે. આખરે તો જીતનાર ઉમેદવાર જ આપણું પ્રતિનિધીત્વ કરવાના છે માટે આપણો નિર્ણય આપણું તથા દેશનું ભાવિ નિશ્ચિત કરશે. હકીકતમાં સરકારની પસંદગી માટેનું આ મતદાન છે. પધ્ધતિને પ્રણાલી બનતી રોકવી જરૂરી છે.

ભાવિ કાર્યક્રમનો દસ્તાવેજ, માળખાકીય સુવિધાઓ, ખાનગીકરણ, ઉદારીકરણ, આર્થિક અને સામાજિક નિતિરીતી, વ્યુહાત્મક વિટંબણા, વચનપૂર્તિમાં સર્જાતી ક્ષતિઓ નેતાગીરીની ક્ષમતા, વિશ્વસનીયતા અને વાસ્તવિકતા આ સઘળી હકીકતનો નખશીખ વિચાર કરી મતદાન કરવાના આપણાં અધિકારને અજવાળી બરકરાર રાખીએ અને ફરજ નિભાવીએ.

❑ **સંપાદક સમિતિ**

## પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ અને શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યુએશનનો ઉચ્ચ અભ્યાસ કરનાર, પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ–બહેનોને શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક **રૂા. ૧૦,૦૦૦/-** ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે. તદ્અનુસાર આ વર્ષે બીઝનેસ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈ.એ.એસ. અથવા ડૉક્ટરેટ પીએચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુશન કોર્ષમાં ઊત્તીર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ–બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગે અરજીપત્રક મંગાવવામાં આવે છે. મંડળના કાર્યાલયમાંથી આ અંગેનું ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતોસહ ભરીને **તા. ૫–૧૦–૨૦૧૪** સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.

**પ્રસ્તુત સ્કોલરશીપ માટે, વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે જે આપને વિદિત થાય.**

❑ **શિક્ષણ સમિતિ**

## HEARTIEST CONGRATULATIONS

Son of **Ami Shah** staying at Fremont, California (USA), grandson of **Smt. Pregnya and Jayant Varjivandas Chimanlal Shah** (Vasupujyani Sheri) **Aaryan Shah** Age 11 years, was awarded Certificate of Merit at Warm Springs Elementary School, won school's Spelling Bee competition and represented school at district level and won 4th Place Champion in the 2014 District wide. Spelling Bee held on January 30, 2014  Aaryan has represented Fremont United School district at Alameda county Spelling Bee in March 2014

City of Fremont Youth Basketball League awarded Sixth Man of the Year Award was presented to him by Coach Don Bosco, February 2014.  Aaryan was selected for Gold All Star team to play in Baseball team March - June 2014. Math Kangaroo is a competition for Math's across all of US and Canada. In this Competition at level 4 (4th grade) there were about 3000 students participating. Aaryan was in the list of top ten at the national level on 15th March, 2014 Shree Patan Jain Mandal wishes Aaryan all the best for his future endeavor

### First Place Research Award

**Sanjana Sameer Chandrakant Kantilal Jhaveri** (Dhandherwado) is a 17 year old student at Council Rock High School North in Newtown, Pennsylvania. She is planning to pursue a degree in Electrical Engineering and Computer Science in College. Sanjana has been a participant at the regional and state level science fair of the Pennsylvania Junior Academy of Science and the Intel Science and Engineering Fair for the last four years. She has always been interested in science and technology. For the 2014 science fair, Sanjana's research project was on small wind turbines. She built a small wind turbine and tested different blade designs. The objective of the research was to find out which blade design was best for small wind turbines and to find out if small turbines could be used effectively to generate useful electricity. Sanjana's research project won her a first place award at the Pennsylvania State Science Fair, recognition of her research from Exelon Energy, Inc. and a $16,000 scholarship from the College of Engineering at Penn State University. She enjoys playing the piano and squash in her spare time. **Shree Patan jain Mandal** wishes her all the best for future endeavor and heartiest congratulation. ✷✷✷

### Website for Rankivav, is now live

**Please visit us at**

**www.patanmandal.org,**

**www.rankivav.com &**

**www.rankivav.org**

In this website we have covered

- Rankivav.
- Patan's main tourist points.
- History of Patan
- Jain  temples of Patan
- Other information.


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ** ●

ADVT

## સમગ્ર પાટણના બધા જ જિનાલયોના શુદ્ધિકરણનું વિશિષ્ટ આયોજન

### આગોતરૂ આમંત્રણ

**: આયોજક :**

શ્રી પાટણ જિનાલય પ્રભુભક્તિ અભિયાન સમિતિ
C/o. શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ

**: પ્રેરણા :**

પાટણના પનોતા પુત્ર પૂજ્યપાદ પંન્યાસ પ્રવરશ્રી
**મેઘદર્શન વિજયજી મ. સાહેબ**

**: શુભ દિન :**

**સંવત ૨૦૭૧, મહા સુદ ૬, રવિવાર, તા. ૨૫-૦૧-૨૦૧૫**

માદરે વતન પાટણ નગરીના પ્રાચીન જિનાલયો અને અદ્ભુત-અલૌકિક પરમાત્માની ભવ્યતાને દેદિપ્યમાન કરવા સમગ્ર પાટણના બધા જ જિનાલયોના શુદ્ધિકરણનું વિશિષ્ટ આયોજન પ. પૂ. યુગપ્રધાન આચાર્યસમ **પંન્યાસપ્રવરશ્રી ચંદ્રશેખર વિ. મ. સાહેબ**ના શિષ્યરત્ન પૂજ્યપાદ **પંન્યાસપ્રવરશ્રી મેઘદર્શન વિજયજી મ. સાહેબ**ની પાવન પ્રેરણાથી , મહા સુદ ૬, રવિવાર, તા. ૨૫-૦૧-૨૦૧૫ ના સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા સુધી એકી સાથે, એક જ દિવસે કરાશે.

દરેક પટણી ભાઈ-બહેનને પોતાના મહોલ્લાના, પોતાના જિનાલયના શુદ્ધિકરણમાં જોડાવા સપ્રેમ નિમંત્રણ છે. પોતાના ઘરને ઘણીવાર સ્વચ્છ કર્યું. ચાલો, હવે પોતાના જિનાલયના શુદ્ધિકરણમાં જોડાઈએ. ભગવાન સાથે પોતાપણાનો ભાવ પેદા કરીએ. તે દિવસે પાટણમાં રહેવાની-જમવાની વ્યવસ્થા ગોઠવાશે. આપે પાટણ આપની રીતે આવવા-જવાનું રહેશે. વ્યવસ્થાની અનુકૂળતા રહે તે માટે અમો આ શુદ્ધિકરણ અવસરે આપને આગોતરૂં આમંત્રણ આપીએ છીએ, જેથી આપશ્રી રીઝર્વેશનાદિ કરાવીને પ્રભુભક્તિનો લાભ લઈ શકો. આપના રહેવા-જમવાની સુંદર વ્યવસ્થા ત્યાં કરી શકીએ તે માટે આપશ્રીના પરિવારમાંથી કોણ કોણ, કેટલા સભ્યો આવવાના છો? તેની અમને લેખીતમાં ઉપરોક્ત સરનામે જાણ કરવા વિનંતી છે.

**: સંપર્ક :**

**શ્રી કમલેશભાઈ શાહ (મો. ૯૮૨૦૦ ૪૫૫૯૫)**
**શ્રી પાટણ જિનાલય પ્રભુભક્તિ અભિયાન સમિતિ**

### દીકરી સ્નેહની સરવાણી

દીકરી નીતર્યા સ્નેહની સરવાણી મારી,
અમીવર્ષા થઈ ટોડલે ને ચહેકી ક્યારી,
વસંત બેઠી અને મંજરી મહેકી ન્યારી,
ભર ઉનાળે વરસી વાદળી એકધારી!

આયાશ અનાયાશે કોઈ કહેતું ન હતું,
'દીકરી વ્હાલનો દરિયો'નું ગાણું ન હતું,
પુરૂષ પ્રધાન સમાજનું સુકાન હતું,
શક્તિસ્વરૂપા કાંતિનું બીજ પાંગર્યું હતું!

અર્થસભર શબ્દોને મોંઘેરું માન મળ્યું,
પ્રત્યેક ક્ષેત્રે દીકરીઓએ મેદાન માર્યું,
વલણ બદલાયું ને અશ્રુ વેરાઈ ગયું,
ગાભરું પારેવાઓએ નવસર્જન કર્યું!

છીછરા પ્રવાહને ફંટાવાનું જોમ મળ્યું,
વેદના અને વ્યથાને વાચાનું સ્થાન મળ્યું,
અર્થપૂર્ણ સ્ત્રી સંવેદનાનું સર્જન થયું,
મેઘાવી-અભૂતપૂર્વ એ ભાવબિંદુ જડ્યું!

ઐશ્વર્ય સાથે નૂતન દૃષ્ટિ ને સૃષ્ટિ મળી,
સ્ત્રી દાક્ષિણ્યને નોખી અનોખી ઓળખ મળી,
સાગરને ભેટી સરિતા ઘેલીઘેલી બની,
દીકરી જ કાવ્ય સર્જનની પ્રક્રિયા બની!

**મ.ને.**

### અભિનંદન

● ફોફલીયા વાડો, ચોધરીની શેરી, હાલ સાંતાક્રુઝ સ્થિત **શ્રીમતી મેધા** તથા **શ્રી મનીષ પ્રકાશભાઈ મોહનલાલ શાહ**ના સુપુત્ર **ચિ. જશ** S.M.P.R. English School, Mulund ખાતે Xpress Math National Prelims-2013-14'ની સ્પર્ધામાં MET Rishikul Vidyalaya-Bandra તરફથી ભાગ લઈ છઠ્ઠા ક્રમાંકે ઉત્તીર્ણ થવા બદલ અભિનંદન

### શ્રી મલાડ-કાંદિવલી પાટણ જૈન મંડળના ઉપક્રમે નાગેશ્વર તીર્થ યાત્રા પ્રવાસ

શ્રી નાગેશ્વર તીર્થ ખાતે તા. ૧૬-૦૧-૨૦૧૫ થી તા. ૧૯-૦૧-૨૦૧૫ દરમ્યાન એક યાત્રા પ્રવાસનું આયોજન કરેલ છે. મલાડ-કાંદિવલી મંડળના સભ્યો માટે વ્યક્તિ દીઠ રૂા. ૩૫૦/- ભરવાના નક્કી કરવામાં આવેલ છે. જેમને આ યાત્રા પ્રવાસમાં જોડાવાની ઇચ્છા હોય તેમણે પોતાના નામ તુરત જ નોંધાવી પોતાની ટિકીટ બૂક કરાવી લેવા નમ્ર વિનંતી છે. ફક્ત ૨૦૦ યાત્રિકોને વહેલો તે પહેલોના ધોરણે લઈ જવા છે.

**સંપર્ક : મિલન શાહ :** 9324370338

# Details for corpus and sahay for Medical

**As on Year ending 31st march 2014**

| Funds & Donors' Name | Corpus Rs.in Lacs | Applications Received | Requirement Rs.in Lacs | Sanction Rs.in Lacs |
|---|---|---|---|---|
| Medical Relief | | 77 | 21.48 | 10.83 |
| Smt.Sudhaben Pannalal Chudgar | 40.50 | | | |
| Medicine Relief | | 90 | 10.87 | 7.09 |
| Shri Pravinchandra Keshrichand Shah | 61.11 | | | |
| Mother & Child Health Care | | 3 | 1.04 | 0.56 |
| Smt. Subhadraben Vrajlal Ambalal Shah | 9.30 | | | |
| Pediatric Treatment | | 2 | 3.76 | 1.10 |
| Smt Madhurika Narendra Shah | 16.00 | | | |
| Neurological Treatment | | 2 | 0.6 | 0.3 |
| Smt.Sushilaben Kantilal Nagardas Shah | 5.51 | | | |
| Kidney Treatment | | 8 | 7.54 | 2.27 |
| Shri Champaklal Mafatlal Chudghar | 12.50 | | | |
| Cancer Treatment | | 9 | 3.78 | 2 |
| Jabhalawala Pariwar | 18.64 | | | |
| Shri Kirtilal Somchand Shah | 8.01 | | | |
| Cancer Fund General Mandal | 0.50 | | | |
| Cancer Surgery | | 0 | 0 | 0 |
| Shri Chandrakumar Manilal Uttamchand Zaveri (SAHEBA) | 11.11 | | | |
| Eye Check-up | | 13 | 2.98 | 1.41 |
| Smt. Maniben Amrutlal Jeshinglal Shah (Pattni Opticians) | 6.75 | | | |
| Heart care Treatment | | 31 | 7.80 | 4.86 |
| Shri Ramanlal Popatlal Shah Charitable Trust | 37.06 | | | |
| Smt Subhadraben Ramanlal Shah Charitable Trust | 10.11 | | | |
| Mediclaim Policy Premium Reimbersement | | 361 | 14.22 | 4.5 |
| Shri Bhogilal Chunilal Jhaveri | 15.00 | | | |
| Shri Devchand Nagardas Zaveri | 11.00 | | | |
| Mediclaim Fund General Mandal | 1.11 | | | |
| Orthopedic Treatment | | 14 | 6.33 | 3.27 |
| Smt. Kalavati Kantilal Mafatlal Chudgar | 10.29 | | | |
| ENT Treatment | | 1 | 0.53 | 0.35 |
| Smt. Gulabben Ramanlal Nagindas Shah | 25.00 | | | |
| Diabetes | | 19 | 2.53 | 1.26 |
| Shri Ramanlal Popatlal Shah Charitable Trust | 7.51 | | | |
| Dialyses | | 2 | 0.17 | 0.03 |
| Nirmalaben Ravindrabhai Mohanlal Shah | 21.00 | | | |
| Dental Surgery | | 12 | 1.46 | 0.54 |
| Shri Harsukhlal Bapulal Shah & Rasilaben Harsukhlal Shah | 25.00 | | | |
| Investigation Diagnosis | | 77 | 3.02 | 1.06 |
| Smt Subhadraben Ramanlal Shah Charitable Trust | 5.51 | | | |
| Shri Ramanlal Popatlal Shah Charitable Trust | 5.51 | | | |
| Medical Fund General Mandal | 96.54 | | | |
| **Total** | **460.57** | **721** | **88.11** | **41.43** |

# Details for corpus and sahay for Education

**As on Year ending 31st march 2014**

| Funds & Donors' Name | Corpus Rs.in Lacs | Applications Received | Requirement Rs.in Lacs | Sanction Rs.in Lacs |
|---|---|---|---|---|
| Pre Primary | | | | |
| Maulik-Divyabalaben Navinchandra Shah | 11.00 | | | |
| Std. I to IV Smt. Lilavati Khoobchand Sarupchand Shah | 10.18 | 32 | 4.56 | 0.96 |
| Std.V to Graduation & Text book | | | | |
| 1 Sevantilal Kantilal Trust | 100.07 | 149 | 17.16 | 8.04 |
| 2 Shri Deepakbhai Champaklal Zaveri | 10.00 | | | - |
| Text book | - | 30 | 0.27 | 0.12 |
| Higher Education Books | | | | |
| Shri Vadilal Chunilal Shah | 7.50 | 9 | 0.11 | 0.008 |
| Post Graduation Education | | | | |
| Shri Amrutlal Mulchand Shah | 10.51 | 9 | 1.73 | 0.66 |
| Information Technology | | | | |
| Shri Pankaj Chandrakumar Manilal Zaveri (Saheba) | 7.56 | 12 | 7.24 | 2.51 |
| Computer Education | | | | |
| Shri Popatlal Bhikachand Zaveri | 6.50 | 8 | 1.01 | 0.53 |
| Vocational Courses | | | | |
| Smt.Hasumatiben Rameshchandra Bapulal Shah | 25.11 | 2 | 1.52 | 0.35 |
| Buisness & Management | | | | |
| Shri Jagdishbhai Manilal Sanghavi | 15.00 | 12 | 3.08 | 2.01 |
| Post-Graduation Merit Scholarship | | | | |
| Keshavlal Kilachand Charitable Trust | 2.00 | 2 | | 0.2 |
| Tutorials class Education | | | | |
| 1 Shri Yashvadan Jesinglal Choksi | 8.03 | 53 | 15.56 | 6.22 |
| 2 Smt.Kusumben Rasiklal Himatlal Shah | 22.11 | | | - |
| C.A. | - | 22 | 6.87 | 3.11 |
| Company Secretary | - | 11 | 2.33 | 1.61 |
| Finance | - | 2 | 0.52 | 0.25 |
| Engeeniring | | | | |
| Smt. Gunvantiben Pravinchandra Kesrichand Shah | 25.11 | 24 | 18.58 | 6.72 |
| Womens Udhyam Talim | | | | |
| Smt. Nirmalaben Shantilal Rikhavchand Shah | 8.78 | 1 | 0.50 | 0.05 |
| Hostel - | | 4 | 1.22 | 0.7 |
| Medical Education | | | | |
| Pramodbhai Bhogilal Uttamchand Zaveri | 25.00 | | | |
| Shikshan Sahay Fund Mandal | 103.81 | | | - |
| **Grand Total** | **398.27** | **382.00** | **82.26** | **34.05** |
| Revolving Fund ( Education ) Loan | 118.9 | 16 | | 20.95 |


**ALVIDA CANCER**

Now with Sujok therapy treatment without side-effects for cancer patients is available. This treatment will be free till 1st week of november. Cancer patients plz contact Dr. Khyati Sandeep shah (Kumbhariyo pado).MOBILE: 9819996822

# Tech Devices -- A Double-Edged Sword For Kids

It seems these days the kids are operating electronic devices such as smart phones/tablets practically moments after being born. Kids as young as two or even younger clutching mom or dad's phone to play games or view videos. Many time parents also handover their smart phone to kids, when they are crying or irritated, to get rid, without bothering about the harm caused by radiation.

According to the study, *there is fivefold increase of tablet ownership among families with children age below eight* and at least *38% of children under the age of two have used a mobile device for media.*

According to the study conducted by *The Kaiser Family Foundation*, "children and teens between ages eight to eighteen spend an average of seven hours and thirty eight minutes daily playing video games, going online and watching TV and most have no household rules governing how much time they are allowed to spend doing these activity."

There are countless **benefits** that can be generated **from using technology devices** like,

- These electronic devices/gadgets can be used to do **re search, play online maths games and improve language skills.**
- Video games also offer ways for kids to collaborate and **learn basic principles of teamwork and sharing, while increasing logical thinking and eye-hand coordination** due to movements needed to effectively navigate a mouse.
- Technology is creating common **platforms of socialization and exchange of information**. Through blogging, many youths feel they have a opinion on different social issues and learning about other people's perspectives as well.
- Text messaging can also be a developmental tool. Researchers from Coventry University studied 88 children aged between 10-12 to understand the impact of text messaging on their language skills. They found that the **use of "textisms" could be having a positive impact on reading development** and a positive effect on the way children interact with language, rather than harming literacy.

But all these **tech devices** can also **have some distinct disadvantages** as well. Here are some reasons why technology should be limited for children,

- ***Obesity and Poor Physical Fitness***: The screen continuously emits harmful rays/radiation which affects the child. Spending hours with these gadgets reduce physical activities. **Children need at least one hour of physical activity every day to maintain their gross motor skills, healthy weight and level of fitness.**
- ***Ill effects of commercials and other Media Images***: All technological devices children use often include negative behaviors **such as underage drinking, drug use, violence or risky sexual situations.** Many commercials also promote junk food and toys in powerful ways that are designed to get kids tempted for these items.
- ***Adverse effects of using Social Media***: Children who use social media may not fully understand how the anonymity of the Internet allows predators to pose as kids, putting them at **risk** in the event that **they give out personal information or plan an in-person meeting**, which could be dangerous.
- ***Excessive use of gadgets may interfere with sleep***: Getting enough sleep can be challenging enough for busy kids today who often have homework and after-school activities on their weekdays and extracurricular activities on weekends. Add to that **numerous hours of TV watching and net surfing,** so there is sleep-deprivation in kids, which **leads to poor attention span and concentration.**
- ***Knowledge and Learning***: While trusted sources such as universities or major educational organizations have websites that contain real and verifiable information, other websites may not have the same authority. Internet allow almost anyone to post information and children may take everything that they read online as fact.
- ***Modern gadgets may cut into family time***: When children are using these gadgets they are not interacting with family members and are **not spending quality time** with each other, having technology cut into those moments is something parents may want to prevent as much as possible. **More screen time means less face-to-face interaction time.**

**Media technology and gadgets is here to stay and has become a permanent part of our lives**, but there is great concern about how it may be affecting the kids. It's important to help children to create a balance between their relationship with technology and activities that nurture their social, emotional and physical skills. So following could be the **ways to limit technology amongst kids,**

- ***Limit there gadget/screen time***: Whether it's one hour of TV or tablet a day or a couple of hours a week, limit the amount of time a child spends with these gadgets and stick to that schedule.
- ***Do not put a TV in child's room***: Having a TV in the children room has been linked to a number of problems including lower test scores, sleeping problems and obesity. Even in drawing room, when the kids are not watching a specific program, even keep it off during meal-times.
- ***Help your child choose a videogame***: The best way to know what your child is watching or playing is by helping them pick out a game. When picking out game, read the reviews or ask other parents.
- ***Opt for alternatives to technology activities***: Find great ways to spend family time together without tech devices, by playing board games or reading good books.

I believe with these tips, we can learn to embrace advantages of technology, reduce its adverse effects and raise children who can still relate heart to heart with people, appreciate and participate in the beauty and wonders of nature and grow up to be well rounded, healthy, caring and compassionate adults.

**□ VIRAL NARENDRA JHAVERI**

## વાચક લખે છે...

**બેસ્ટના ઈલેક્ટ્રીક બીલમાં બેસ્ટની બસોની નુકસાની Transport Division Loss Recovery (TDLR) ગ્રાહકો પાસેથી વસુલ કરવામાં આવે છે**

ઉપરોક્ત બાબત આપણા ઘણા મેમ્બરો (૯૦ ટકાથી વધુ) તથા સંસ્થાને લાગુ પડે છે. લગભગ ૮૦ ટકાને જાણ જ નથી એમના બેસ્ટના ઈલેક્ટ્રીક બીલમાં (TDLR)નો ચાર્જ લગાવવામાં આવે છે અને અજાણતામાં જ બીલ ભરવું પડે છે, કારણ Monopoly છે અને બીલ ન ભરીએ તો લાઈન કપાઈ જવાની બીક રહે છે.

નીચે જણાવેલ કેટલીક બાબતો આપણા સભ્યોએ જાણી લેવાની જરૂર છે.

(૧) જૂન ૨૦૧૨ના બીલથી આ ચાર્જ લગાડવામાં આવે છે. બીલની વિગત જ્યાં આપવામાં આવે છે તેમાં ત્રીજી આઈટમ પ.વિ.તુ.વ. આકારના નામે વસુલ કરવામાં આવે છે, જેને અંગ્રેજીમાં (TDLR) કહે છે. આ ચાર્જ દરેક કેટેગરીને લાગુ પડે છે. આ ચાર્જ તમને વિદ્યુત આકાર બીલની વિગતમાં (Item No. 2) ના લગભગ ૨૩ % થી ૨૭ % જૂન ૨૦૧૨થી લાગે છે.

(૨) જૂન ૨૦૧૨થી TDLR રેસિડેન્શીલ પર ૧૫ % અને કોમર્શિયલ પર ૧૭ % ટેક્સ લાગે છે. આ પણ દરેક કેટેગરીને લાગુ પડે છે જેની કોઈને જાણ નથી.

(૩) હવે આપણે TDLRની રકમ + T ax on TDLR ની રકમને ભેગી કરીએ જૂન ૨૦૧૨થી લગભગ ૨૭ % થી ૩૧ % વધારે રકમ કેટેગરી પ્રમાણે જેટલા યુનિટ વાપર્યા હોય તેનાથી વધારે ભરીએ છીએ.

(૪) બેસ્ટની બસો મુંબઈ, થાણા, ન્યૂ બોમ્બે, કલ્યાણ, પનવેલ, દહીંસરથી વસઈ સુધી દોડે છે અને લગભગ ૨.૭૫ કરોડ (દરરોજ નહિ) વાપરે છે. અને તે બસ દોડાવવામાં જે નુકસાન થાય છે તે ફક્ત અને ફક્ત બેસ્ટની ઈલેક્ટ્રીસીટી વાપરતા ગ્રાહકો પર જ લગાડવામાં આવે છે. બીજા કોઈ નાગરિકો કે સરવિસ પ્રોવાઈડર પાસેથી વસુલ નથી થતા.

(૫) બેસ્ટની બસો દોડે છે તેમાં (૧) મુંબઈ મહાનગર પાલિકા, (૨) થાણે મહાનગર મહાપાલિકા, (૩) નવી મુંબઈ મહાનગર પાલિકા, (૪) કલ્યાણ-ડોમ્બીવલી મહાનગર પાલિકા, (૫) પનવેલ મ્યુ. કોર્પોરેશન, (૬) દહીંસર-મીરારોડ મ્યુ. કોર્પોરેશન (૭) વસઈ-ભાયંદર મ્યુ. કોર્પોરેશન. ચાર મ્યુ. મહાનગર પાલિકા અને ૩ મ્યુનિસિપલ કોર્પોરેશન.

પણ મુંબઈ મ્યુ. મહાનગર પાલિકાના થોડા જ હિસ્સામાં (૧૫ ટકાથી ઓછા) જ્યાં બેસ્ટ ઈલેક્ટ્રીસીટી સપ્લાય કરે છે, તે શા માટે નુકસાની ભરે ?

(૬) હજુ કેટલો સમય TDLR + T ax on TDLR ભરવો પડશે તેની જાણ નથી. બેસ્ટે બસના ભાડા ખાસ્સા વધાર્યા છતાં હજુ નુકસાની કરે છે.

(૭) મહારાષ્ટ્ર વિધાન સભાની ચૂંટણી ૧૫મી ઑક્ટોબરના રોજ છે. તમારા એરિયાના મ્યુ. કાઉન્સિલર, વિધાન સભ્ય, સંસદ સભ્ય પ્રચાર કરવા આવે ત્યારે TDLR + Tax on TDLR બને તેટલો જલદી બંધ થાય તથા અત્યાર સુધી જે રકમ ભરી છે અને આગળ કદાચ ભરવી પડે તો તે રકમનું રિફંડ વ્યાજ સાથે ક્યારે અને કેવી રીતે મળે તેની ખાસ ચોખવટ કરશો. આ બાબતમાં મુક્તિ અપાવવાની તેમની ફરજ છે. TDLR + Tax on TDLRની રકમ રિફંડ કરાવવા જોઈતી મહેનત તેમણે કરવી જોઈએ. વળી એવી માગણી કરવાનો આપણને હક્ક પણ છે. જો આ બાબતમાં જનમત જાગૃત કરશું તો જ અને ભેગા થઈ વાત ઉપાડશું તો જ વજન પડશે.

**ખાસ નોંધ :** બીલમાં પાછળ વિજચે દર પત્રક હેઠળની વિગત મુજબ F.C. + V.C. + F.A.C. Resi. પર ૧૫ ટકા અને Comm.પર ૧૭ ટકા.
F.C : Fix Charge (બીલની વિગતમાં કોલમ નં. ૧ સ્થિર આકાર.
V.C. : Variable Charge (બીલની વિગતમાં કોલમ નં. ૨ + ૩ )
ઉર્જા આકાર કોલમ નં. ૨ + પ.વિ.તુ.વ. આકાર (TDLR) કોલમ નં. ૩
F.A.C. Fuel Adjustment Charge.
(આ F.C. + V.C. + F.A.C. નો અર્થ મેં સમજાવેલ છે બીલમાં જણાવેલ નથી.)
પ.વિ.તુ.વ. આકાર (મરાઠીમાં છે) તેની પણ કોઈ સમજણ બીલમાં આપી નથી.
આ કારણસર જૂન ૨૦૧૨થી જે વીજળી વાપરી તેના કરતાં ૨૫ % થી ૩૧ % વધારે ચાર્જ ભર્યો.

**☐ જતીન બાલુભાઈ શાહ**


## કનાસા કલ્યાણ કેન્દ્ર
## દશેરા–દિવાળીના તહેવારો માટે સ્પેશીયલ ઑફર

● પાટણની સ્વાદિષ્ટ મીઠાઈઓ જેમ કે, મોહનથાળ, દેવડા, મગદળ ઉપરાંત શુદ્ધ ઘીના સફેદ ખાખરા, મસાલા ખાખરા, મીઠી અને તીખી મુગડીના ખાખરા, સાજી તથા મરીના સફેદ તથા લાલ પાપડ માટે તમારો ઑર્ડર નોંધાવો.

**જીતુભાઈ – ૦૨૨ ૩૨૦૫૨૬૯૦ ● જયેશભાઈ – ૦૯૯૨૦૩૮૫૫૯૭**

● કનાસા કલ્યાણ કેન્દ્રમાં અતિથિ ગૃહમાં ટી. વી. અને એરકન્ડીશન્ડ જેવી અદ્યતન સુવિધાઓ સાથેની ચાર રૂમો ઉપલબ્ધ છે તથા રહેવાની સાથોસાથ આપને નવકારશી, બપોરના જમવા ઉપરાંત ચૌવિહારની વ્યવસ્થા પણ થઈ શકશે. સાથોસાથ 'પાટણ દર્શન' માટે પણ વ્યવસ્થા ગોઠવી આપવામાં આવશે.

બુકિંગ માટે સંપર્ક :

કનાસા કલ્યાણ કેન્દ્ર – પાટણ – **૦૨૭૬૬ ૨૨૪૭૨૦**

જનકભાઈ બાલુભાઈ શાહ – **૦૯૩૨૩૧ ૧૫૭૧૪** ● કમલભાઈ બાબુભાઈ શાહ– **૦૯૮૨૦૦૬૩૭૬૨** ADVT

# શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાન અહેવાલ

**શ્રી પાટણ જૈન મંડળ** પ્રોગ્રામ સમિતિ દ્વારા શનિવાર, તા. ૧૬-૦૮-૨૦૧૪ના દિને શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ ખાતે **શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાન**નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રોગ્રામ સમિતિના માનદમંત્રી **શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહે** પધારેલ સર્વે ભાઈ-બહેનોને ઉષ્માભર્યો આવકાર આપેલ તથા અંતમાં આભાર વ્યક્ત કરવામાં આવેલ. ત્યારબાદ **શ્રી શ્રેયાંશભાઈ** અને સાથીવૃંદ દ્વારા મધુર ભક્તિસંગીત પીરસી વાતાવરણને ધર્મમય બનાવવામાં આવ્યું હતું.

**શ્રી શ્રેયાંશભાઈ**ને, મંડળના ઉપપ્રમુખ **શ્રી મહેન્દ્રભાઈ એન. શાહ** (ગુંદરવાલા)ના વરદ હસ્તે તથા **શ્રી અજિતભાઈ સર**ને **શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ**ના વરદ હસ્તે પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન કર્યું હતું.

**શ્રી અજિતભાઈ** દ્વારા **''મનુષ્યભવની દુર્લભતા''** વિષય પર તેમની વિશિષ્ટ શૈલીમાં આપેલ વ્યાખ્યાન આધ્યાત્મિક અને તલસ્પર્શી રહ્યું.

આ અવસરે મંડળના ઉપપ્રમુખ **શ્રી રાજેન્દ્રભાઈ જયંતીલાલ શાહ**, પ્રોગ્રામ સમિતિના **માનદમંત્રી શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ**, દાતા પરિવારના સભ્યો, મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

અંતમાં દાતા પરિવાર તરફથી રાખવામાં આવેલ પ્રભાવનાનો લાભ લઈ સૌ વિખરાયા. ✷ ✷ ✷


## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ ● ફોનઃ(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય :મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોનઃ૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

● સૌજન્ય : શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ ●

advt

### પશુ-પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | દૈનિક લાપસી | રૂા. ૨૧૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧૦૦૦ | દૈનિક ઘાસચારો | રૂા. ૧૫૦૦૦ |
| લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧૦૦૦ | માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧૦૦૦ |
| આધાર સ્થંભ | રૂા. ૩૧૦૦૦ | કાયમી ઘાસ ફંડ | રૂા.૧૧૦૦૦ |
| | | કાયમી પક્ષી ચણ | રૂા.૫૦૦૦ |

લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે

લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે


## શ્રદ્ધાંજલિ

**સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !**

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા પોરવાલ | વખારનો પાડો | હેમલતાબેન પ્રવીણચંદ્ર શાહ | ૭૬ | સુરત | ૦૭-૦૮-૨૦૧૪ | શ્રાવણ સુદ-૧૧ |
| દશાઓસવાલ | ખજૂરીનો પાડો | પંકજભાઈ પન્નાલાલ ઝવેરી | ૫૯ | મલાડ-મુંબઈ | ૧૩-૦૮-૨૦૧૪ | શ્રાવણ વદ-૦૩ |
| વિશાશ્રીમાળી | કનાસાનો પાડો | પુષ્પાબેન કીર્તિલાલ શાહ | ૮૪ | મરીનડ્રાઈવ-મુંબઈ | ૧૬-૦૮-૨૦૧૪ | શ્રાવણ વદ-૦૬ |
| વિશાશ્રીમાળી | ખેતરવસી | જયવંતભાઈ હેમચંદ શાહ | ૭૦ | ભાયંદર-મુંબઈ | ૧૭-૦૮-૨૦૧૪ | શ્રાવણ વદ-૦૮ |
| વિશાશ્રીમાળી | લીમડીનો પાડો | ચંદ્રકાંતભાઈ ચીમનલાલ પટણી* | ૮૨ | મરીનડ્રાઈવ-મુંબઈ | ૧૮-૦૮-૨૦૧૪ | શ્રાવણ વદ-૦૯ |
| વિશાશ્રીમાળી | વખતજીની શેરી | વીણાબેન ભૂપેન્દ્રભાઈ શાહ | ૬૬ | અમદાવાદ | ૨૭-૦૮-૨૦૧૪ | ભાદ્રપદ સુદ-૦૨ |
| વિશાશ્રીમાળી | તંબોલી વાડો | ચંદ્રકાંત ચંદુલાલ શાહ | ૮૧ | તારદેવ-મુંબઈ | ૩૧-૦૮-૨૦૧૪ | ભાદ્રપદ સુદ-૦૬ |
| વિશાશ્રીમાળી | ઢંઢેરવાડો | રાજેન્દ્રભાઈ મનસુખલાલ શાહ | ૭૮ | વિલેપાર્લા-મુંબઈ | ૦૧-૦૯-૨૦૧૪ | ભાદ્રપદ સુદ-૦૭ |
| દશાશ્રીમાળી | કોકાનો પાડો | વિમળાબેન કંચનલાલ કાપડીયા | ૯૨ | તારદેવ-મુંબઈ | ૧૨-૦૯-૨૦૧૪ | ભાદ્રપદ વદ-૦૪ |
| સાલવી | સાલવીવાડો | શર્મિષ્ઠાબેન કાંતિલાલ સાલવી | ૭૧ | મલાડ-મુંબઈ | ૧૨-૦૯-૨૦૧૪ | ભાદ્રપદ વદ-૦૪ |
| વિશાશ્રીમાળી | કનાસાનો પાડો | હર્ષદકુમાર જયંતીલાલ ધુપેલિઆ | ૮૨ | શાન્તાક્રુઝ-મુંબઈ | ૧૨-૦૯-૨૦૧૪ | ભાદ્રપદ વદ-૦૪ |
| વિશાશ્રીમાળી | લીમડીનો પાડો | કેતનભાઈ રમેશચંદ્ર શાહ | ૫૩ | વસઈ-મુંબઈ | ૧૩-૦૯-૨૦૧૪ | ભાદ્રપદ વદ-૦૫ |
| વિશાશ્રીમાળી | કનાસાનો પાડો | રમાકાંત હીરાલાલ શાહ | ૭૩ | ગોરેગામ-મુંબઈ | ૧૩-૦૯-૨૦૧૪ | ભાદ્રપદ વદ-૦૫ |

***ચક્ષુદાન કરેલ છે. ✷દેહદાન કરેલ છે ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ** દેહદાન કરો અને કરાવો**

# શ્રી પાટણ જૈન મંડળ

## પ્રોગ્રામ સમિતિ આયોજિત

## શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર

**પ્રેરિત**

# નૂતન વર્ષ સ્નેહ સંમેલન







## હાર્દિક આમંત્રણ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પાટણના ભાઈ-બહેનો માટે, સૌ સામૂહિક રીતે સાથે મળ્યાનો આનંદ માણી શકે, તેવી શુભ ભાવનાથી મરીન ડ્રાઈવના વિશાળ પટાંગણમાં સંવત૨૦૭૧ના નૂતન વર્ષ સ્નેહ સંમેલનનું નીચેની વિગતે આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના નિમંત્રણને સ્વીકારી સ્નેહ સંમેલનમાં સમાજના સર્વ પરિવારોને પધારવા અમારું સ્નેહ ભર્યું આમંત્રણ છે.

દિનાંક : શનિવાર, તા. ૦૧-૧૧-૨૦૧૪, કારતક સુદ – ૯ ● સમય : સાંજના ૫ વાગ્યા પછી

સ્થળ : શ્રીનિકેતન વાટિકા – ગાર્ડન, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦ ૦૨૦

**આ મંગલ પ્રસંગે અલ્પાહાર રાખવામાં આવેલ છે**

**તા. ક. :** (૧) ચૌવિહારની વ્યવસ્થા સાંજે ૫-૦૦ કલાકથી રાખેલ છે
(૨) નૂતન વર્ષ સ્નેહ સંમેલનના વ્યક્તિગત નિમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે નહીં..

**ખાસ નોંધ**

**આ પ્રસંગે લકી ડ્રોનું આયોજન રાખેલ છે જેમાં વિવિધ આકર્ષક ઈનામો આપવામાં આવશે**

## નૂતનવર્ષ સ્નેહસંમેલન પ્રસંગે સોનામાં સુગંધ

નૂતન વર્ષ સ્નેહ સંમેલનના સપરમે દિવસે સમગ્ર પાટણ જૈન સમાજને પાટણના પનોતા પુત્ર પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી મેઘદર્શનવિજયજી મ.સાહેબની ધ્યેયપૂર્ણ શુભવાણીનો લાભ મળે તેવા ઉત્કૃષ્ટ આશયે આપણી વિનંતીથી ૪.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ, મરીન ડ્રાઈવ ખાતે માદરે વતન પૂણ્યભૂમિ પાટણ પ્રત્યેની આપણી આત્મીયતા અને પાટણનું ગૌરવ તથા ગર્વ વધારનારૂં પ્રવચન આપશે. સર્વ ભાઈ-બહેનોને પૂજ્યશ્રીના આ પ્રવચનનો અવશ્ય લાભ લેવા નમ્ર વિનંતી છે.

W.P.P. License No. MR/TECH/WPP-120/South /2014. License to post without prepayment.
PATAN PRATIBIMB ● SEPTEMBER 2014 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month. Regd. No. MH / MR/ South–135 / 2012–14
Published on 15th of every month

## SHREE PATAN JAIN MANDAL

## SAMAJ VIKAS FUND

### MEDICINE (DAWA) SAHAY YOJNA & PUBLIC HEALTH CARE CENTRE FUND

SHRI PRAVINCHANDRA KESARICHAND SHAH Rs. 1.01 CRORE
BY SHRI TUSHARBHAI AND SHRI JAYESHBHAI [Dhandherwado]

### EDUCATION SAHAY CORPUS FUND

SEVANTILAL KANTILAL TRUST Rs. 80 LACS

### SAMAJ VIKAS CORPUS FUND

SMT MINABEN & SHRI NITINBHAI JAYANTILAL GABHRUCHAND SHAH & FAMILY USA (Khetarvasi) Rs. 54 LACS

- Smt. Subhadraben Ramanlal Shah Charitable Trust, Kumbharia Pado
- Shri Mafatlal Chudghar Charitable Trust, Chodhrini Sheri
- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Late Shri Pramodbhai Bhogilal Jhaveri (Sayba), (Chodhrini Sheri) By : Smt. Maltiben, Smt. Falguniben & Shri Devangbhai Jhaveri
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah, By : Shri Jitenbhai, Kanasano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah, By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai, Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah, By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri By : Shri Hitenbhai Pravinchandra Shah
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri
- Shri Virendrabhai Popatlal Shah, Mallatno Pado
- Shri Maulikkumar, Divyabalaben, Navinbhai Shah, Pole ni Sheri
- Shri Deepakbhai Champaklal Jhaveri (Manmohanjini Sheri)By: AashishJhaveri
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Premlataben & Shri Pratapbhai Punamchand Jaswa (Kasumbia Vado)
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Smt. Hansaben Manaharlal Keshavlal Shah, Lahiarvado
- Late Shri Balubhai Chhotalal Shah, By : Smt. Hansaben, Khadakhotdi no Pado
- Shri Sureshbhai Chimanlal Choksi, Zaveri Vado
- Shri Rakeshbhai Kantilal Shah-Chowpatty. In Memory of Smt. Geetaben Rakeshbhai Shah
- Late Shri Sevantilal Chhaganlal Shah By: Shri Sharadbhai and Shri Harshadbhai (Tamboli Vado)
- A Well-Wisher
- Shri Shirishbhai Mafatlal Shah, Panchoti Pado
- Smt. Manjulaben Dilipbhai Mohanlal Hemchand Shah, Marfatia Mehtano Pado

## REVOLVING FUND : Target Rs. 5 Crores

### To provide interest free Educational Loan

| DONOR | Donation In 5 Yrs. |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | Rs. 20 Lakhs |
| **Late Smt. Kamalaben & Shri Kantilal Prabhudas Jhaveri** (Dhandher Vado) By Shri Samir Chandrakant Jhaveri | Rs. 11 Lakhs |
| **Dr. Mahendrabhai Chandulal Shah & Dr. Lilaben M. Shah,USA (Lakhiar Wado)** | Rs. 10 Lakhs |
| **Late Smt. Jasudben Jamnadas Jhaveri & Late Jamnadas Umedchand Jhaveri (Dhandher Wado)** By Late Saraswatiben Jamnadas Jhaveri through her will | Rs. 10 Lakhs |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | Rs. 5 Lakhs |
| **Shri Keshavlal Kilachand Charitable Trust Kumbharia Pado** | Rs. 5 Lakhs |
| **Smt. Gulabben Chimanlal Valamji Choksi** By Smt. Vinaben Sureshbhai Choksi (Zaveri Vado) | Rs. 5 Lakhs |
| **Dr. Smt. Kunjbalaben & Dr. Vijaybhai Jayantilal Patni** (Manmohanji ni Sheri) | Rs. 5 Lakhs |
| **Smt. RohinibenVikrambhai Shah**(Dank Mehtano Pado) (In her Memory) By Shri Ronakbhai, Smt. Darshnaben, Shri Shrenikbhai & Smt. Komalben | Rs. 5 Lakhs |
| **Late Smt. Kusumben Vrajlal Shah & Vrajlal Jesinglal Shah** (Jafujiwala) (Tamboli Vado) | Rs. 5 Lakhs |
| **Late Smt. Vasumatiben Fakirchand Shah** By Shri Samir Fakirchand Shah (Chodhrini Sheri) | Rs. 5 Lakhs |
| **Late Shri Vinodbhai Hiralal Shah (Ladiwala)** By Smt. Kiranben&ShriPranaybhai(Kanasano Pado) | Rs. 5 Lakhs |
| **Smt. Taraben Sevantilal Nathalal Khandwala** (Keshu Sheth no pado) By Shri Kandarpbhai | Rs. 12 Lakhs |

## MEMORIAL FUND

| NAME OF THE DONOR | DONATION |
|---|---|
| ● Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri | Rs. 8 Crores |
| ● Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah | Rs. 10 Lakhs |

The donors donating in **MEMORIAL FUND** through their will – it can be utilised for special activities of the **MANDAL**

TO,

Edited,Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.